**<u>આંક–૧ નીચે હુકમ</u>**

**દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન પાર્ટ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૦૫૨૬૦૨૦૯/૨૦૨૬ ના કામે અરજદાર કોળી મંગાભાઈ જીવાભાઈનાઓની મુદ્દામાલ વાહન પરત મેળવવાની અરજી નીચે હુકમ**

---

(૧) અરજદારે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ હેઠળ કરી પોતાની માલિકીની હિરો હોન્ડા મોટર્સ લી. કંપનીની સુપર સ્પેલેન્ડર ડીઆરએસ સી મોટર સાયકલ કે જેનો રજીસ્ટેશન નં. જી.જે–૨૦–એએ–૦૪૬૦ છે કે જે દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન પાર્ટ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૦૫૨૬૦૨૦૯/૨૦૨૬ પ્રોહી એકટની કલમ–૬૫ઇ, ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ ના ગુનાના કામે કબજે લીધેલ છે. તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે અને અરજીના સમર્થનમાં જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(૨) સમગ્ર કેસ પેપર્સ, પંચનામુ તથા મુદ્દામાલ પાવતી વંચાણે લીધી તેમજ એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધેલ છે. તેમજ અરજદાર તરફે વિ. વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે સદરહુ વાહન આ કામના આરોપી પાસેથી મળી આવેલ છે. તેમજ સદરહુ વાહન ખોટી રીતે ગુનામાં સંડોવી દિધેલ છે. આમ આ હકીકતે સદરહુ વાહન દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ હોય તેમાં અરજદાર તરફે કોઇ વાંક કે ગુનો ન હોય મુદ્દામાલ વાહન વચગાળા તબકકે અરજદારને સોંપવા વિનંતી કરવામાં આવેલ છે.

(૩) બંને પક્ષની દલીલો તથા અરજીના રેકર્ડ વંચાણે લેતાં એ બાબત અંગે કોઇ તકરાર નથી કે હાલના વાહનના માલિક આ કામના અરજદાર છે. વધુમાં મુદ્દામાલ પાવતી વંચાણે લેતાં એ બાબત અંગે પણ કોઇ તકરાર નથી કે સદરહુ વાહન ઉપર ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫૦૦ મી.લી.ની કુલ બોટલો નંગ–૧૪૪ કિંમત રૂ. ૨૭,૩૬૦/– નો પ્રોહી. મુદ્દામાલ હતો. આમ સદરહુ વાહનમાં ૨૦ લીટરથી વધુનો દારૂના મુદ્દામાલની હેરફેર કરવામાં આવતી હતી તેવું હાલના પ્રાથમિક તબકકે જણાય આવે છે.

(૪) આમ, ઉપરોકત હકીકતે નામદાર ગુજરાત વડી અદાલતના સ્પે. ક્રિ. એ. નં. ૮૫૨૧/૨૦૧૭ પરેશ કુમાર બ્રહ્મભટ્ટ વિરૂધ્ધ ગુજરાત રાજયના ચુકાદાના પારા ૫૧ માં ગુજરાત પ્રોહી એકટની કલમ–૯૮(૨) અને કલમ–૯૯ નો અર્થઘટન કરતાં જણાવેલ છે કે કલમ–૯૯ માં "ટ્રાયલના અંતે સદરહુ મુદ્દામાલનો નિર્ણય કરી શકાશે" તેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં દારૂના ગુનામાં મુદ્દામાલ ૨૦ લીટરથી વધુ હોય હાલના તબકકે વાહનના માલિકીની તકરાર ધ્યાને લેવાની રહેતી નથી. તેમજ કલમ–૯૯ મુજબ વાહનના માલિકે વાહન દારૂની હેરફેરના આવા ગુનામાં ન સંડોવાય તે અંગે કેટલી કાળજી લીધેલ છે તે પણ કલમ–૯૯ વંચાણે લેતાં હાલના તબકકે કોઇ ધ્યાને લેવાની રહેતી નથી.

(૫) આમ, કાયદાની ઉપરોકત પરિસ્થિતિને ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત રાજયના નોટીફીકેશન નં. જીજીસી/૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧/ઇ–૧ મુજબ અરજદારનું વાહન

દારૂની હેરફેરમાં ઉપયોગી થયેલ છે. તેમજ દારૂનો જથ્થો ૨૦ લીટરથી વધુ જણાય આવતો હોય આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-//હુકમ//-**

- આ કામના અરજદાર કોળી મંગાભાઈ જીવાભાઈ, રહે. ડુંગર ફળીયા, નાની ખજુરી, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદનાઓની અરજી **રદ (નામંજુર)** કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવમાં આવતો નથી.
- હુકમ આજરોજ તા. ૨૫મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

દેવગઢ બારીઆ.
તા. ૨૫/૦૩/૨૦૨૬

(સેતુલ રણછોડભાઈ વકીલ)
પ્રિન્સિપાલ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દેવગઢ બારીઆ
જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭